BUSINESS મિત્ર

હોર્મુઝ વિવાદ અને ક્રૂડના ભડકાથી નિફ્ટી 24,100ની નીચે

સળંગ 7મા દિવસે ભારતીય બજારમાં ગાબડું

રોકાણકારોના 3.47 લાખ કરોડ રૂપિયા સાફ થઇ ગયા

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 19: અમેરિકાના નકશામાં હોર્મુઝ સ્ટ્રેટને દર્શાવતા ભારે ખળભળાટ મચી જવા પામ્યો છે અને સતત ચોથા દિવસે ક્રુડ ઓઇલ ઉખળતા એશિયન બજારો લાલ રંગમાં જોવા મળ્યા હતા, જેની અસર ભારતીય શેરબજાર સાતમા દિવસે નરમાઇ જોવા મળી હતી. જેમાં નિફ્ટી 24000 પોઇન્ટની નજીક સરકતો જોવા મળ્યો હતો. આજે હેવીવેઇટ, લાર્જકેપ સહિત બ્રોડર માર્કેટમાં પણ વેચવાલીનું દબાણ રહ્યું હતું. છેલ્લા કેટલાક દિવસોથી આઇટી સેકટરમાં દબાણ જોવાયું હતું, જેને આજે સંભાળવાનો પ્રયાસ કર્યો હતો, જે અડધા ટકાનો સુધારો જોવાયો હતો. જોકે, એફએમસીજી અને ઓટો સેકટરમાં દબાણ જોવાયું હતું. આજે સેલઓફ વાતાવરણમાં બીએસઇ પર લિસ્ટેડ કંપનીઓની માર્કેટ કેપ રૂ. 3.47 લાખ કરોડનો ઘટાડો નોંધાયો છે. બીએસઇ લિસ્ટેડ કંપનીની માર્કેટ કેપ રૂ. 392 લાખ કરોડથી ઘટીને રૂ. 488 લાખ કરોડ પહોંચી છે. બીએસઇ સેન્સેક્સ 325.78 પોઇન્ટ એટલે કે 0.42 ટકા વધીને 76909.68 પોઇન્ટના સ્તરેબ ધ રહ્યા હતા. આજે ઇન્ટ્રાડેમાં સેન્સેક્સ 77347 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 76822 પોઇન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 76.60 પોઇન્ટ એટલે કે 0.32 ટકા ઘટીને 24078.30 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે નિફ્ટીએ 24100 પોઇન્ટની સપાટી તોડી હતી. આજે ઇન્ટ્રાડેમાં નિફ્ટી 24172 સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 24025 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 22.65 પોઇન્ટ એટલે કે 0.04 ટકા ઘટીને 57239.75 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. બીએસઇ ખાતે એસ્ટર ડીએમમાં 33.95 ગણા, રેલટેલ કોર્પોરેશનમાં 16.11 ગણા, એબોટ ઇન્ડિયામાં 14.41 ગણા, ગ્લેકસોસ્મીથમાં 11.13 ગણા અને ટ્રાવેલ ફુડ સર્વિસીસમાં 8.6 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે એસ્ટર ડીએમમાં 71.76 ગણા, રેલટેલ કોર્પોરેશનમાં 29.8 ગણા, અદાણી ટોટલ ગેસમાં 13.71 ગણા, ગ્લેક્સોસ્મીથમાં 10.3 ગણા અને ઇન્દ્રપ્રસ્થ ગેસમાં 9.86 ગણા કામકાજ નોંધાયા છે. બ્રોડર માર્કેટમાં ફન્ટલાઇન ઇન્ડેક્સમાં નબળું પ્રદર્શન જોવાયું હતું. બીએસઇ મિડકેપ ઇન્ડેકસ 0.44 ટકા અને સ્મોલકેપ ઇન્ડેકસ 0.67 ટકા ઘટ્યો હતો. માર્કેટ બ્રેડથ નબળું રહ્યું હતું. બીએશઇ ખાતે 1814 શેરો વધ્યા હતા, જ્યારે 2479 શેરો ઘટ્યા હતા અને 241 શેરો યથાવત રહ્યા હતા.

નિફ્ટી આઇટી ઇન્ડેક્સ 1.93 ટકા ઘટ્યા હતા. જેમાં એમફાસીસ, એલટીએમ, ઇન્ફોસીસ, એચસીએલ ટેકનો, કોફોર્જ, પરસીસ્ટન્ટ સીસ્ટમ્સ, વિપ્રો, ટેક મહિન્દ્રા, ટીસીએસ અને ઓરેકલ ફાઇ. સર્વિસીસ સોફટવેર ઘટ્યા હતા. ઇરાન અને અમેરિકા વચ્ચે હોર્મુઝ સ્ટ્રેટમાં માહોલ ગરમાયો છે અને તેની અસર વૈશ્વિક બજારો ઉપર જોવા મળી હતી. આ દરમ્યાન યુકેના વાર્ષિક ગ્રાહક ભાવ ફુગાવો જુનમાં 2.6 ટકાથી વધીને જુલાઇમાં 2.9 ટકા થયો હોવાથી મોટા ભાગના યુરોપિયન બજારોમાં નીચા વેપાર થયા હતા, જે ઓકટોબર 2022 પછી ગેસના ભાવમાં સૌથી તીવ્ર વધારો કારણે ચાલે છે. યુએસ ટેકનોલોજી અને સેમિકંડકટર શેરોમાં તીવ્ર વેચાણ પછી એશિયન બજારોમાં નરમાઇ જોવા મળી હતી. જ્યારે ટ્રેઝરી યીલ્ડમાં વધારો અને ઓઇલના તીવ્ર વધતા ભાવોએ જોખમી સંપત્તિ પર દબાણ વધાર્યું હતું. દક્ષિણ કોરિયાની કોસ્પી 5 ટકાથી વધુ ઘટ્યું હતું. તીવ્ર ઘટાડાના કારણે પ્રોગ્રામ વેચાણ પર અસ્થાયી અટકી ગયું, ઉંચા ફુગાવાની ભીતિએ બજારમાં નરમાઇ જોવા મળી રહી છે.

ડોલરમાં મજબૂતાઇ આગળ વધી

ક્રુડ ઓઇલના ભાવ ઉછળવાનું ચાલુ રાખતા ડોલરમાં મજબૂતાઇ જોવા મળી હતી. કરન્સી બજારમાંડોલરની સામે રૂપિયો 7 પૈસા સુધરીને 95.76ના સ્તરે બંધ રહ્યા હતા. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 95.69ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 111.33, પાઉન્ડ 129.39, કેનેડિયન ડોલર 68.88, ઓસ્ટ્રેલિયન ડોલર 67.98, જાપાનીઝ યેન 0.6046 અને સીંગાપોર ડોલર 75.39ના સ્તરે બંધ રહ્યા હતા.

ફોરેક્સ બજાર

ડોલર	95.75 રૂ.
યુરો	111.33 રૂ.
પાઉન્ડ	129.39 રૂ.
યેન	0.6046 રૂ.

સેન્સેક્સ	-325.78	76909
નિફ્ટી	-76.60	24078.30
બેન્ક નિફ્ટી	-22.65	57239.75

નિફ્ટી

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
એચસીએલ ટેકનો	2.06	1324.80
જેએસડબ્લ્યુ સ્ટીલ	1.44	1285.80
સન ફાર્મા	1.33	1900.00
ઇટર્નલ	1.30	320.00
વિપ્રો	0.84	179.55

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
મેક્સ હેલ્થકેર	1.72	997.00
કોલ ઇન્ડિયા	1.70	400.00
પાવરગ્રીડ	1.68	263.50
બજાજ ફાઇ.	1.29	1080.20
આઇટીસી	1.09	267.05

સેન્સેક્સ

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
એચસીએલ ટેકનો	1.73	1322.50
ઇટર્નલ	1.33	320.20
કોટક મહિન્દ્રા બેન્ક	1.23	392.05
સન ફાર્મા	1.15	1898.00
ટાઇટન કંપની	0.27	5064.00

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
પાવરગ્રીડ	2.00	262.45
બજાજ ફાઇ.	1.31	1078.60
લાર્સન-ટુબ્રો	1.27	4030.10
આઇટીસી	1.18	266.90
એચયુએલ	0.98	2016.00

ચાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ)

નરેશ / મુકેશ ઘીવાળા
૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

	રૂ.
પ્રફુલ/સાલાસર/કેપલોન	
૩૦/૨૪ બ્રાઇટ	૨૬૫
૩૦/૩૬ એફડી	૨૭૫
લોકલ	
૬૨/૩૬ ક્રિમ્પ	૧૫૪
૬૮/૩૬	૧૫૧
૭૨/૩૬ ક્રિમ્પ	૧૪૯
૯૦/૩૬ ક્રિમ્પ	૧૪૭
૮૪/૪૮ ક્રિમ્પ	૧૪૮
૩૦/૧૪ ક્રિમ્પ	
૮૦/૭૨ રોટો.	૧૫૩
૮૦/૩૬ રોટો.	૧૫૪
૧૫૦/૪૮બ્રાઇટ	૧૪૬
૭૫/૩૬ ''	૧૩૩.૫
૫૦/૩૬ ''	૧૪૭
૫૦/૪૮ SD/ક્રેપ	૨૫૯
RIL રિલાયન્સ	
૯૦/૩૬ ક્રિમ્પ	૧૪૮
૧૧૪.૧૩ રોટો	---
૧૦૦ ટેક્ષ	૧૪૭
વેલનોન (જીએસટી સાથે)	
૮૦/૭૨ રોટો	૧૫૪.૫
૮૦/૭૨ ફોલ્ડર	૧૬૦
૧૬૦ ડીસ્કેટ	૧૬૦
---	---
૮૦/૧૦૮ ''	૧૫૩
-----	---
૮૦/૭૨ બ્લેક રોટો	૧૬૦
ગાર્ડન	
૪૯/૨૪ એફડીવાય	૧૪૧.૨૫
૩૦/૧૪ ક્રિમ્પ	૧૯૬
૬૨ ક્રિમ્પ	૧૫૫.૫
૬૮ ક્રિમ્પ	૧૫૨
૭૨ ક્રિમ્પ	૧૪૭.૫
૭૫ ક્રિમ્પ	૧૪૮.૫
૮૦ ક્રિમ્પ	૧૪૮
૮૦/૭૨ રોટો	૧૫.૫
૩૦/૨૪ બ્રાઇટ	---
૩૦/૩૬ એફડી	---
TPM	૧૫૨

PNG પ્રોત્સાહક યોજનાથી સિટી ગેસ શેરોમાં ધૂમ: શેરો 5% સુધી ઉછળ્યા

નવી દિલ્હી, તા. 19: પીએનજી પ્રોત્સાહક યોજનાની મંજુરી સાથે સિટી ગેસ ડિસ્ટ્રીબ્યુશનના શેરમાં ધુમ મચી ગઇ છે. આજે અદાણી ગેસ, આઇજીએલ અને મહાનગર ગેસ જેવા શેરોમાં 3થી 5 ટકા સુધીનો ઉછાળો આવ્યો છે. નવી પીએનજી પ્રોત્સાહક યોજના 1 સપ્ટેમ્બરથી અમલમાં આવશે. આ યોજના હેઠળ સિટી ગેસ ડીસ્ટ્રીબ્યુશન કંપનીઓ નવા ઘરેલું પીએનજી કનેકશન પર પ્રોત્સાહન મળશે. કંપનીઓને પ્રોત્સાહન તરીકે સસ્તો એપીએમ ગેસ મળશે. નવા જોડાણમાં 200 એસસીએમ વધારાનો એપીએમ ગેસ મળશે. આ યોજનાનો અમલ છ મહિનાના સમયગાળામાં 2 તબક્કામાં કરવામાં આવશે. પીએનજી કનેકશન પર સીજીડીનો પેબેક પિરિયડ ઘટશે. પેબેક પિરિયડ 10 વર્ષથી ઘટાડીને 3 વર્ષ કરી શકાય છે. હાલમાં દેશમાં આશરે 1.74 કરોડ ઘરેલું પીએનજી કનેકશન છે. તેની સરખામણીએ 1લી જુલાઇ સુધીમાં લગભગ 33.14 કરોડ સક્રિય ઘરેલું એલપીજી ગ્રાહકો હતા.

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રયોમંદ પરબીઆ

શુક્રવર્ધન પ્રયોગ

પાંચસો ગ્રામ ગાયના દૂધમાં દશ ગ્રામ ગાયનું ઘી અને 20g સાકર, સૂંઠ 5 ગ્રામ અને એક ખારેક ના ટુકડા નાંખી, દૂધ ઉકાળવું. ઠંડુ થયા પછી પીવું. રોજ સવાર, સાંજ બનાવીને લો.

એક પુત્ર પિતાની બંધ પેઢીના નામે અલગથી રજીસ્ટ્રેશન લઈ ધંધો કરે તો પિતાની વસૂલાત માટે પુત્રના બેન્ક ખાતા પરથી ટાંચનો આદેશ રદ કરતો ...

નામદાર બોમ્બે હાઈકોર્ટનો અગત્યનો ચૂકાદો

પીટીશનરના અવસાન પામેલ પિતા ઓરિએન્ટલ ફેસીલીટીના નામે ધંધો કરતા હતા. પિતાના અવસાન અગાઉ, પીટીશનર દ્વારા જૂદા GST નંબર અને જૂદા સરનામે પરંતુ સમાન નામે ધંધો શરૂ કરવામાં આવ્યો હતો. પરંતુ પિતાના અવસાન બાદ પિતાના માંગણા અનુસંધાને અરજદારના બેંક ખાતા પર DRC-03 ઈસ્યૂ કરી ટાંચ મૂકી અરજદારનું બેંક ખાતુ ફ્રિઝ કરતા, રીટ-પીટીશન ફાઈલ કરતા નામદાર બોમ્બે હાઈકોર્ટે ટાંચનો આદેશ રદ કરી, તાત્કાલિક ધોરણે બેંક ખાતા પરથી ટાંચ ઉપાડવાનો ઓર્ડર કર્યો. ખેર! નામદાર હાઈકોર્ટના નવીન વિશ્વનાથન વિ.સ્ટેટ ઓફ મહારાષ્ટ્રના રીટપીટીશનનાં 8709/2025ના તા. 15-4-2026ના ચૂકાદા તરફ તરફ એક નજર નાંખીએ તો.

હકીકત...

અરજદારના અવસાન પામેલ પિતા ઓરીએન્ટલ ફેસીલીટીના નામે થાણે ખાતે ધંધો કરતા હતા. અને GST નંબર ધરાવતા હતા. અરજદારના પિતાનું તા. 11-2-24ના રોજ અવસાન થયેલ તો પિતાના અવસાન અગાઉ અરજદાર દ્વારા નવા GST નંબર અને નવી મુંબઈના સરનામે પરંતુ ઓરીએન્ટલ ફેસીલીટીના સમાન નામે ધંધો શરૂ કરવામાં આવેલ.

પિતાના અવસાન બાદ, નાયબ કમિશ્નર દ્વારા તા. 16-2-24ના રોજ DRC-07 મા રૂા. 3,86,61,652નો પિતાની માલિકી પેઢી સામે ડિમાન્ડ ઓર્ડર ઈસ્યૂ કરવામાં આવેલ જે સામે અરજદાર દ્વારા અપીલ ફાઈલ કરવામાં આવેલ ત્યારબાદ. એક વર્ષ બાદ તા. 21-3-25ના DRC73 ઈસ્યૂ કરી અરજદારના સ્ટેટ બેંક ઈન્ડિયાના ખાતા ઉપર, અરજદારના પિતાના માંગણા અનુસંધાને ટાંચ મૂકવામાં આવેલ અને બેંક દ્વારા અરજદારનું ખાતું ફ્રીજ કરવામાં આવ્યું તો અરજદાર દ્વારા પોતાનો અને પિતાનો બિઝનેઝ અલગ છે. વિ.વિ. અને ટાંચ ઉપાડી લેવા વિનંતી કરી પરંતુ રજૂઆતને કોઇ પ્રત્યુત્તર નહીં મળતા, અરજદાર દ્વારા ના.હાઇકોર્ટ સમક્ષ રીટ-પીટીશન ફાઇલ કરવામાં આવી.

કાયદાની કેડીએ...

ઈશ્વર રૂદલાલ

દલીલ...

અરજદારના વિધ્વાન કાઉન્સેલ રજૂઆત કરતા જણાવ્યું કે અરજદારનો ધંધો જૂદો છે, અલગ રજીસ્ટ્રેશન છે, જુદુ સરનામું છે. માત્ર પિતાના અને તેમની પેઢીના નામ સરખા છે અને તેથી અરજદારના બેંક ખાતા પર ટાંચ મૂકી શકાય નહીં. કલમ 93 હેઠળ વસૂલાત કરતા પહેલાં, કાયદેસરના વારસદારની જવાબદારી નક્કી કરવામાં આવી નથી. ઉપરાંત અરજદારને નોટિસ આપવામાં આવી નથી કે સાંભળવાની તક આપવામાં આવી નથી અને સીધી વસૂલાતની કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે જે અન્યાયી અને ગેરકાયદેસર છે અને તેમના દ્વારા ન.હાઇકોર્ટના અગાઉના 6 ચૂકાદાઓનો આધાર લેવામાં આવ્યો.

ચૂકાદો...

ના.હાઇકોર્ટે ચૂકાદો આપતા નોંધ્યું કે અરજદાર અને તેમના અવસાન પામેલ પિતા-બંનેનો GST નંબર જૂદો હતો. બંનેનું ધંધાનું સ્થળ અલગ હતું. GST કાયદા મુજબ જૂદા જૂદા રજીસ્ટ્રેશન ધરાવનાર સ્વતંત્ર ટેક્ષબેસ પર્સન ગણાય. આ તમામ બાબતો ઉપરાંત કલમ 93 હેઠળ જવાબદારી નક્કી કરતા પહેલાં અરજદારને કોઇ કારણદર્શક સૂચના પાઠવવામાં આવી નથી. તો GSTની કલમ 79 હેઠળ ખાતાને વસૂલ કરવાની વિશાળ સત્તા આપવામાં આવી છે ત્યારે પ્રશ્ન એ છે કે જૂ થયેલ દસ્તાવેજી પૂરાવા અને વિગતોને આધારે અરજદાર તેમના પિતાનો ધંધાની જૂની વસૂલાત સામે જવાબદાર ઠરે ? કોર્ટને એવું લાગતું નથી.

કુદરતી ન્યાયના સિધ્ધાંત મુજબ કોઇ પણ વ્યક્તિની જવાબદારી નક્કી કરતા પહેલાં તેને નોટીસ આપવી જોઇએ, જે આ કેસમાં થયું નથી અને સીધી બેન્ક ટાંચની કાર્યવાહિ શરૂ કરવામાં આવી છે એમ જણાવી, ના.હાઇકોર્ટે સંબંધિત અધિકારી દ્વારા ઇસ્યુ કરવામાં આવેલ તા. 21-35નો DRC-3 અને બેંક ટાંચનો આદેશ રદ કર્યો અને તાત્કાલિક ધોરણે અરજદારના બેંક ખાતા પરથી ટાંચ ઉપાડવાનો હુકમ કર્યો.

જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

મહારાષ્ટ્ર	
એમ-૩૦ (ભરવાલાયક)	૫૨૦૦
એમ-૩૦	૫૨૦૦
એસ-૩૦	૫૧૦૦
ગુજરાત	
એમ-૩૦	૫૧૦૦
એસ-૩૦	૫૦૦૦

સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

સટાન્ડર્ડ સોનું	૧૫૯૬૦૦
તેજાબી સોનું	૧૫૯૫૧૦
દાગીના-૨૨ કેરેટ	૧૫૧૬૨૦
દાગીના-બીએસઆઇ હોલમાર્ક	૧૫૬૪૧૦
સોનાનાં બિસ્કીટ	૧૫૯૬૦૦૦
ચાંદી (૯૯૯)	૨૩૯૪૦૦
ચાંદી સિક્કા	૨૪૦૯૦૦

તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

સીંગતેલ (૧૫ કિ.)	૩૧૮૦	કોપરેલ	૪૫૦૦
સીંગતેલ (૧૫ લિ.)	૨૯૫૦	વનસ્પતિ ઘી	૨૫૯૦
સીંગતેલ (૫ લી)	૯૮૦	સનફ્લાવર	૨૫૮૦
કપાસીયા (૧૫ કિ.)	૨૮૩૦	તલતેલ	૪૫૦૦
કપાસીયા (૧૫ લિ.)	૨૬૦૦	દિવેલ	૨૫૦૦
કપાસીયા (૫ લિ.)	૯૩૦	મકાઇ તેલ	૨૬૦૦
સરસીયું તેલ	૨૯૮૦		

'કૂટ' કડોકુ ૨૦૩૭

૩					૪	૯	૭	૨
૫	૬	૭	૯		૧		૪	
૨	૯				૮	૧	૫	૬
૮	૭		૩	૫		૪	૨	
૧		૬		૪		૭	૩	
		૨		૧		૫		
૭	૨		૧		૩		૮	
			૪	૭				૫
	૪	૩				૨		

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

૩	૬	૨	૫	૭	૬	૯	૪	૭
૫	૭	૯	૪	૬	૭	૩	૮	૨
૪	૯	૭	૨	૮	૩	૬	૭	૫
૭	૪	૬	૭	૩	૫	૮	૨	૯
૬	૨	૩	૮	૯	૪	૭	૫	૬
૮	૫	૭	૬	૨	૯	૪	૩	૭
૭	૩	૪	૯	૫	૮	૨	૬	૭
૨	૮	૫	૭	૬	૭	૭	૯	૩
૭	૭	૬	૩	૭	૨	૫	૭	૮

૭૦૬૩-૯૬૭૭ ક્રિડટિ

રૂપિયાનું અવમૂલ્યન રોકવા દોડધામ નકામી: સંજીવ સાન્યાલ

રૂપિયાને મુક્ત બજાર આધારિત તરતો મૂકવા ભલામણ; વિનિમય દર કરતાં ફુગાવાને નિયંત્રણમાં રાખવો દેશ માટે વધુ હિતકારી

નવી દિલ્હી, તા. 19: ભારતે રૂપિયાના અવમુલ્યનને રોકવાનો પ્રયાસ ન કરવો જોઇએ, તેના બદલે તેને બજાર અનુસાર પોતાનું સ્તર નક્કી કરવાની મંજુરી આપવી જોઇએ તેમ જણાવતા પ્રધાનમંત્રીના આર્થિક સલાહકાર પરિષદના સભ્ય સંજીવ સાન્યાલે જણાવતા કહ્યું કે, સરકારનું ધ્યાન મોંઘવારી પર કાબુ રાખવા પર હોવું જોઇએ.

સાન્યાલે વધુમાં જણાવ્યું હતું કે, જયારે દેશે ફુગાવાના લક્ષ્યાંકિત માળખાને અપનાવ્યું ત્યારે તેણે ચલણ વિનિમય દર પર નાણાકીય નીતિ પસંદ કરી. તેમણે વધુમાં કહ્યું હતું કે, ઓપન કેપિટલ એકાઉન્ટવાળી અર્થવ્યવસ્થામાં નીતિ નિર્માતાઓને ઘણા પડકારોનો સામનો કરવો પડે છે. ભારતનું માળખું એ સિદ્ધાંત પર આધારિત છે કે કોઇપણ દેશ એક સાથે સ્વતંત્ર નાણાકીય નીતિ ચલાવી શકતો નથી અને તેના ચલણના વિનિમય દરને કડક રીતે નિયંત્રિત કરી શકતો નથી. ભારત જેવા મોટા અને આંતરિક રીતે મજબૂત દેશ માટે રૂપિયાનો દર નક્કી કરવાને બદલે મોંઘવારી પર લક્ષ્ય રાખવું એ યોગ્ય પગલું છે.

સાન્યાલે ભારપુર્વક જણાવ્યું હતું કે, ભારતે રૂપિયાના સ્તરમાં દખલ ન કરવી જોઇએ. તેમણે કહ્યું કે, મોંઘવારી લક્ષ્યાંકિત કરવાની પ્રણાલીને દેશમાં ખુબજ સારી રીતે કામ કર્યું છે. એક સમય હતો જ્યારે ભારતમાં ફુગાવાનો દર 9 ટકાથી 12 ટકાની રેન્જમાં હતો, જ્યારે છેલ્લા દાયકામાં તે સફળતાપુર્વક ઘટીને 2 ટકાથી 6 ટકાની રેન્જમાં આવી ગયો છે.

રૂપિયો બજારમાં છોડવાનો અર્થ એ નથી કે કેન્દ્રીય બેન્ક અથવા સંબંધિત અધિકારીઓ સંપુર્ણ ચુપ બેસશે. રૂપિયો નબળો પડે તે અર્થવ્યવસ્થા માટે હાનિકારક હોય છે, પણ નિકાસકારોને ફાયદો થાય છે. વિશ્વના ઘણા દેશોની ચલણમાં ખુબ વધઘટ થાય છે, તેથી જો સ્થાનિક સ્તરે ભાવ સ્થિર રહે છે, તો નબળો રૂપિયો અર્થવ્યવસ્થા માટે અવરોધ બનતો નથી.

આજનું પંચાંગ

તા. 20/08/2026, ગુરુવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1948
વીર સંવત : 2552 **માસ :** શ્રાવણ
તિથિ: સુદ: આઠમ: 21:19, બૃહસ્પતિ પૂજન
અયન : દક્ષિણાયન **ઋતુ :** વર્ષા
રાષ્ટ્રિય દિનાંક : શ્રાવણ: 29
યોગ : ઐન્દ્ર **કરણ:** વિષ્ટિ
નક્ષત્ર : વિશાખા: 09:09 પછી અનુરાધા
રાશિ: વૃશ્ચિક (ન,ય)
દિવસ : શુભ, દુર્ગાષ્ટમી-નેનીદેવી મેળા-ખોરદાદસાલ- પારસી
સુરતમાં સૂર્યોદય : 06:20 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:04
નવકારસી : 07:08
પારસી વર્ષ : 1396 ફરવરદીન માસનો 06ઠો રોજ
મુસલમાન વર્ષ : 1448 રબિઉલ અવલ માસનો 06ઠો રોજ
દિવસનાં ચોઘડિયાં: રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ
રાત્રિનાં ચોઘડિયાં: અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત
રાહુકાળ: બપોરે 13:30 થી 15:00 સુધી

મેષ (અ,લ,ઇ,): કિમતી વસ્તુનું ધ્યાન રાખવું. સરકારી કામમાં ગફલતમાં રહેવું નહી. ખર્ચા વધશે. અચાનક ઉઘરાણી આવે.
વૃષભ (બ,વ,ઉ,): પારિવારિક સમસ્યાનું સમાધાન થઇ શકે. જેમ કે સામાજિક પ્રશ્નો સતાવે. નોકરી-ધંધામાં સામાન્ય રહે.
મિથુન (ક,છ,ઘ,): આળસથી બચવું. હીન શત્રુઓથી સાવધાન. જીવનસાથીના આરોગ્યની ચિંતા સતાવે. લેવડ-દેવડમાં સાવધાન રહેવું.
કર્ક (ડ,હ,): અટકેલાં કામ પાર પડે. મિત્રોની મદદથી સામાજિક કાર્ય પાર પડે. કોર્ટ, કચેરીના કામમાં પ્રગતિ થાય.
સિંહ (મ,ટ,): ધનલાભ થઇ શકે છે. ધંધામાં નવીતક ઊભી થાય ઘર પરિવારના કામ અર્થે પ્રવાસ થાય. મન અશાંત.
કન્યા (પ,ઠ,ણ,): આવક વધારવાની યોજનામાં ગતિ આવે. પ્રવાસ તથા દલાલીના કામમાં ધીરજ રાખવી. ગુસ્સા પર કાબૂ.
તુલા (ર,ત,): ઉઘરાણી આવી શકે છે. ઘરનાં કામમાં મદદરૂપ બનશો. આર્થિક બાબતે ચોકકસ નિર્ણય લેવાનું બનશે.
વૃશ્ચિક (ન,ય,): વાદ-વિવાદથી બચવું. નોકરી-ધંધાર્થે પ્રવાસ સફળ રહે. પારિવારિક ધંધામાં પ્રગતિ થાય. આવક વધે.
ધન (ભ,ધ,ફ,ઢ,): સાહસ અને નીડરતા પર કાબૂ રાખવો. પ્રવાસમાં સાવધાન રહેવું. મિત્રોનો સાથ મળે. અચાનક શુભ સમાચાર મળે.
મકર (ખ,જ,): આત્મવિશ્વાસ વધશે. નોકરીમાં નવી તક મળે. શેર, બજારમાં લાભ થાય. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ.
કુંભ (ગ,સ,શ,ષ,): ધંધામાં આવક વધે. નોકરીમાં પ્રભાવ વધે. જાહેર જીવનમાં સફળતાની સાથ અશાંતિ વધે.
મીન (દ,ચ,ઝ,થ,): ભાગ્યનો સાથ મળે. વિદેશનાં કામ, આયાત-નિકાસના કામ થાય. ધાર્મિક પ્રવાસમાં સાવધાન રહેવું.

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

કોઇ પણ સાલમાં 20 ઓગસ્ટે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ પ્રગતિજનક પસાર થાય. નોકરીમાં બદલીની સાથે પ્રભાવ અને કાર્યબોજ વધશે. નવી ટેકનોલોજી પ્રમાણે કાર્ય કરવાથી નવું શીખવા મળે. આરોગ્ય સુધરે. ઉઘરાણી આવવાથી નવા રોકાણ થાય. સમાજમાં માનની સાથે નવી જવાબદારી મળે. પરિવારની અપેક્ષા દોડ-ધામ વધારશે. નોકરી ધંધામાં હરીફો વધે. નવા ઘર, વાહન, મકાનની યોજના સફળ બને. સંતાનોના અભ્યાસ કેરીયરમા પ્રગતિ થાય. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં મદદ મળે. વિદેશના કામ થાય. ઉમરલાયકના વિવાહ થાય. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. પ્રેમ-વિવાહની યોજના પાર પડે. વારસા, જાયદાદ, જમીન જેવા કામમાં વડીલોનો સાથ મળે. આવક વધારવાની યોજનામા ચડતી-પડતી રહે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મથી શાંતિ થાય. જૂન-જુલાઇ, ગુરુ-સોમવાર, 02,11,20,29 તારીખે નવાકામ કરવા. સફેદ, ક્રીમ રંગનો ઉપયોગ કરવો. જાન્યુઆરી, ફેબ્રુઆરી, મંગળ, બુધવારે નવા કામ ટાળવા. 05, 08 તારીખે પણ ટાળવો. કાળા, લીલા રંગનો ઉપયોગ ટાળવો.

હોર્મુઝ વિવાદથી પેટ્રોલ-ડીઝલ મોંઘા થવાની ભીતિ

નવી દિલ્હી, તા. 19: વૈશ્વિક ઓઇલ માર્કેટમાં ચાલી રહેલી અસ્થિરતા કારણે ભારતમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં કોઇ રાહત મળવાની આશા ઓછી થઇ ગઇ છે. આ ક્રુડના ભાવ ઉછળતા ઓઇલ કંપનીઓને પ્રતિ લિટર લગભગ રૂ. 6નો વધારો થાય છે. ક્રુડ ઓઇલના ભાવમાં ફરી વધારો થવાને કારણે ઓઇલ કંપની દ્વારા થતા નુકશાન અને વધતા શિપીંગ ખર્ચને જોતા આગામી સમયમાં પેટ્રોલ-ડિઝલના ભાવ ઘટવાની શક્યતા નહીંવત છે, પણ રિફાઇનરીઓ ઉપર દબાણ વધતા પેટ્રોલ-ડિઝલના ભાવ વધે તેવી દહેશત સેવાઇ રહી છે.

ગલ્ફ અને પશ્ચિમી આફ્રિકન ક્રુડ પર પ્રીમિયમમાં વધારા સાથે રશિયન ઓઇલ પર ડિસ્કાઉન્ટ પણ ગુમ થઇ ગયું છે. જોકે, રશિયા ભારતનો સૌથી મોટો ઓઇલ સપ્લાયર રહ્યો છે. જુલાઇ 2026માં રશિયા ભારતની કુલ ક્રુડ આયાતમાં 50.83 ટકા હિસ્સો ધરાવતો હતો. મીડલ ઇસ્ટમાંથી સપ્લાય વિક્ષેપો બજારમાં ઉપલબ્ધ ભૌતિક ક્રુડની અછત ઉભી કરી રહ્યા છે. જેથી વૈકલ્પિક ક્રુડ માટે ખરીદદારોમાં સ્પર્ધા વધતી જાય છે અને ભાવમાં વધારો થઇ રહ્યો છે. આવી સ્થિતિમાં ભારત માટે મોટો પ્રશ્ન એ છે કે જો વૈશ્વિક ક્રુડ તેલના ભાવ આ દરે વધતા રહે છે, તો ઓઇલ કંપનીઓ પર